| પૂરક પ્રશ્ન ક્રમાંક | અગ્રતા ક્રમ – ૧૦<br>પુરક પ્રશ્ન આપેલ ધારાસભ્યશ્રીનું નામઃ– શ્રીમતી રીવાબા જાડેજા–જામનગર ઉત્તર |
|---|---|
| પ્રશ્ન–૨ | રાજય સરકાર કોઈ પણ પ્રકારના ટેન્ડર બહાર પાડે ત્યારે ટેન્ડરની પ્રક્રીયા અને ટેક્નીકલ ઈવેલ્યુએશન કઈ રીતે કરે છે? કોઈ ક્ષતી/ ડીફોલ્ટ થાય તો તેના માટે ટેન્ડરમાં કઈ જોગવાઇ હોય છે? |
| જવાબ–૨ | ➢ ગુજરાત સરકારના પ્રર્વતમાન નિયમાનુસાર કામોને ઓનલાઇન પદ્ધતિથી ટેન્ડર મંગાવવામાં આવે છે જેમાં પ્રથમ ટેકનીકલ બીડ ખોલવામાં આવે છે જેમાં ટેકનીકલ બીડ ચકાસણીના તબકકામાં બીડરનુ મુખ્યત્વે ટેકનીકલ કેપીસીટી, ફાઇનાન્સીયલ કેપેસીટી ચકાસવામાં આવે છે જે પૈકી ટેકનીકલ કેપેસીટીમાં છેલ્લા પાંચ વર્ષમાં કરેલ કામો અને સમાન પ્રકારના પૂર્ણ કરેલ કામોનો અનુભવ અને ક્ષમતાને ધ્યાને લેવામાં આવે છે તેમજ ફાઇનાન્સીયલ કેપેસીટીમાં બીડ કેપેસીટી, છેલ્લા પાંચ નાણાંકીય વર્ષનુ વાર્ષિક સરેરાશ ટર્ન ઓવર અને નેટવર્થ જેવી નાણાંકીય બાબતો ધ્યાને લેવામાં આવે છે.<br>➢ ટેકનીકલ બીડમાં કવોલીફાય થયેલ બીડર્સના ફાઇનાન્સીયલ બીડ ખોલવામાં આવે છે.<br>➢ ટેન્ડરની ચકાસણીના કોઇપણ તબકકા દરમિયાન જો એવું ધ્યાન પર આવે કે કોઈ કંપનીએ જાણી જોઇ ખોટી માહિતી રજૂ કરેલ છે તેવુ સાબિત થાય તેવા કિસ્સામાં તેની વિરુદ્ધ ટેન્ડરની જોગવાઇ અનુસાર બીડ રદ કરવાની તેમજ તેમની સામે શીક્ષાત્મક કાર્યવાહી કરવાની જોગવાઈ છે. |